નાણાકીય સાક્ષરતા સપ્તાહ

June 4-8, 2018

# ગ્રાહકની જવાબદારી - અનધિકૃત ઈલેક્ટ્રોનિક બેંકિંગ વ્યવહાર

શું તમે તમારા બેંક એકાઉન્ટ અથવા ક્રેડિટ / ડેબિટ કાર્ડમાં કપટપૂર્ણ અથવા અનધિકૃત વ્યવહારનો સામનો કર્યો છે ?
ગભરાશો નહીં; તમારી જાતને અને બેંકને સુરક્ષિત કરવા માટે નીચે દર્શાવેલ પગલાં અનુસરો.


1. અનધિકૃત ઈલેક્ટ્રોનિક બેંકિંગ ટ્રાન્ઝેક્શનની ઘટના પછી ફોન, એસએમએસ અથવા ઈમેઈલ મારફતે અથવા તમારી શાખામાં વ્યક્તિગત રીતે જાણ કરીને બેંકને સૂચિત કરો. તમે જાણ કરવા માટે જેટલો વધારે સમય લેશો તેટલું વધારે નુકશાનનું જોખમ તમને અને તમારી બેંકને રહેશે.
2. તમારી ફરિયાદ માટે સ્વીકૃતિ પાવતી મેળવો.
3. ફરિયાદનો નિકાલ ફરિયાદની સ્વીકૃતિની તારીખથી ૯૦ દિવસની અંદર થવો જોઈએ.

## તમારી જવાબદારી જાણો

**તમારી લાપરવાહી #**
- તમે જાણ કરો ત્યાં સુધી ▶ તમારું નુકશાન
- તમારા જાણ કર્યા પછી ▶ બેંકનું નુકશાન

**બેંકની લાપરવાહી**
- બેંકનું નુકશાન

**ત્રાહિત વ્યક્તિ દ્વારા ઉલ્લંઘન**
- ત્રણ કામકાજના દિવસોમાં* ▶ તમારી જવાબદારી નથી.
- ૪ થી ૭ કામકાજના દિવસો* ▶ મહત્તમ જવાબદારીના આધારે વ્યવહારની રકમ BSBD ખાતા માટે રુ. ૫૦૦૦/- અને બચત ખાતા / ક્રેડિટ કાર્ડ( જેની સીમા રુ. પાંચ લાખ સુધી હોય) માટે રુ.૧૦,૦૦૦/-
- ૭ કામકાજના દિવસો પછી* ▶ તમારી બેંકની નીતિ પ્રમાણે



* બેંક પાસેથી સંદેશા વ્યવહાર પ્રાપ્ત થયાનાં સમયથી જાણ કરવા માટેનો સમય

\# જેમકે પાસવર્ડ, PIN, OTP વગેરે કોઈને જણાવવા.

## યાદ રાખવા માટેના મહત્વપૂર્ણ મુદ્દા

- એસએમએસ અને ઈમેઈલની ચેતવણીઓ માટે નોંધણી કરાવો.
- તમારી બેંકનો ફોન નંબર, ટોલ ફ્રી હેલ્પલાઈન, ઈમેઈલ, તમારી ગૃહ શાખાનું સરનામું જાણો.

નાણાકીય સાક્ષરતા ● સમૃધ્ધિ તરફનો માર્ગ

**તમારી જવાબદારી જાણો**

નાણાકીય સમાવેશ અને વિકાસ વિભાગ
ભારતીય રિઝર્વ બેંક
www.rbi.org.in